# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-02-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

*****************************************************

1. ભારત અને અમેરિકાએ નવી દિલ્હીમાં ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટમાં PEX સિલિકા ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા
2. ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિવિધ દેશોના વડાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી
3. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે આગામી 25 વર્ષોમાં દેશની સૌથી ઝડપથી વિકસતિ અર્થવ્યવસ્થામાં નિકાસ મુખ્ય ભૂમિકા ભજવશે
4. કેન્દ્રીય મત્સ્ય ઉદ્યોગમંત્રી રાજીવ રંજન સિંહે ગુજરાતના વેરાવળમાં ભારતના એક્સક્લુઝિવ ઇકોનોમિક ઝોનમાં માછીમારી માટે 'એક્સેસ પાસ' લોન્ચ કર્યો.
5. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને કહ્યું, ગુજરાત માત્ર દેશને જ નહીં, સમગ્ર વિશ્વને દિશા આપી રહ્યું છે.

...............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## PEX SILICA DECLARATION

ભારત અને અમેરિકાએ આજે નવી દિલ્હીમાં ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટમાં PEX સિલિકા ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા. આ ઘોષણાપત્ર આવશ્યક ખનિજો અને સેમિકન્ડક્ટર્સના ઉત્પાદન અને ઝડપથી વિકસતી કૃત્રિમ બુદ્ધિમત્તા જેવા ક્ષેત્રોમાં સહયોગને મજબૂત બનાવશે, જેથી એક સુરક્ષિત અને મજબૂત વૈશ્વિક સિલિકોન અને ટેક્નોલોજી ઇકોસિસ્ટમનું નિર્માણ થાય.

હસ્તાક્ષર સમારોહની અધ્યક્ષતા કરતા, કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી, અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારત સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગમાં નેતૃત્વની ભૂમિકા ભજવવાનું લક્ષ્ય રાખે છે.

[S/B - ASHWINI-PEX SILLICA/ MODI THANKS - 31 SECS]

. . . . . . . . . . . . . . . . . .

## MINISTRY OF EXTERNAL AFFAIRS PEX SILICA

સરકારે નવી દિલ્હીમાં AI ઇમ્પેક્ટ સમિટ દરમિયાન AI તકો ભાગીદારી પર ભારત-અમેરિકા સંયુક્ત નિવેદન અને પેક્સ સિલિકા ઘોષણાપત્ર પરના હસ્તાક્ષરને બંને દેશો વચ્ચેનો બીજો સીમાચિહ્નરૂપ ગણાવ્યો છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, મંત્રાલયે કહ્યું કે આ પુરવઠા શ્રૃંખલા સુરક્ષા, મહત્વપૂર્ણ ખનિજો અને આગામી પેઢીના AI નવીનતા પ્રત્યેની સહિયારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરે છે.

પેક્સ સિલિકા ઘોષણાપત્ર પર હસ્તાક્ષર સમયે ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવ અને અમેરિકામાં વ્હાઇટ હાઉસ ખાતે માહિતી અને ટેક્નોલોજી નીતિ કાર્યાલયના નિયામક માઈકલ ક્રિસ્ટાસિયોસ હાજર હતા.

. . . . . . . . . . . . . . . . . .

## REV. PRIME MINISTER-BILATERAL MEETINGS

નવી દિલ્હીમાં ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિવિધ દેશોના વડાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી હતી. આ અંગે સાંભળીએ એક અહેવાલ..

(VOICECAST – AJAY INDREKAR)

*(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લિક્ટેંસ્ટાઇનના પ્રિન્સ એલોઇસ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બેઠક દરમિયાન બંને નેતાઓએ વિવિધ ક્ષેત્રોમાં પરસ્પર સહયોગની સમીક્ષા કરી હતી. તેઓ ભારત અને લિક્ટેંસ્ટાઇન વચ્ચે વેપાર, રોકાણ અને ઉભરતી ટેકનોલોજી, જેમાં એઆઈ, નવીનતા અને કૌશલ્ય વિકાસનો સમાવેશ થાય છે, તેમાં મજબૂત સહયોગને પ્રોત્સાહન આપવા સંમત થયા હતા.*

શિખર સંમેલન દરમિયાન, પ્રધાનમંત્રીએ સ્લોવાક રિપબ્લિકના રાષ્ટ્રપતિ પીટર પેલેગ્રિની સાથે પણ મુલાકાત કરી હતી. બંને નેતાઓએ તેમના સંબંધોના તમામ પાસાઓની સમીક્ષા કરી હતી અને વેપાર અને રોકાણ, ડિજિટલ ટેકનોલોજી, સંરક્ષણ, અવકાશ, ઊર્જા, સંસ્કૃતિ અને લોકો-થી-લોકોના સંબંધો સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવાની રીતો પર ચર્ચા કરી હતી.

પ્રધાનમંત્રી મોદીએ શિખર સંમેલનની સાથે સાથે શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુઆર કુમારા દિસાનાયકે સાથે પણ મુલાકાત કરી હતી. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ જણાવ્યું હતું કે બંને નેતાઓએ ભારત-શ્રીલંકા સંબંધોમાં તાજેતરની પ્રગતિની પણ સમીક્ષા કરી હતી.

શિખર સંમેલન દરમિયાન, પ્રધાનમંત્રીએ મોરેશિયસના પ્રધાનમંત્રી નવીનચંદ્ર રામગુલામ સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ ભારત-મોરેશિયસ એડવાન્સ્ડ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપને વધુ મજબૂત બનાવવા માટે સાથે મળીને કામ કરવાની તેમની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરી.

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ અને પ્રધાનમંત્રી મોદીએ સંયુક્ત રાષ્ટ્ર સુધારાઓ જેમાં ખાસ કરીને વિકાસશીલ દેશોને સશક્ત બનાવતા સુધારાઓ પર પોતાના વિચારો રજૂ કર્યા. બંને નેતાઓએ AI ની સર્વવ્યાપકતા અને આ સંદર્ભમાં સંયુક્ત રાષ્ટ્રની રચનાત્મક ભૂમિકા પર પણ ચર્ચા કરી.

અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ..)

. . . . . . . . . . . . . . . . .

## VAISHNAV-PICHAI

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે ગુગલ અને આલ્ફાબેટના મુખ્ય કાર્યકારી અધિકારીઓ - CEO સુંદર પિચાઈ સાથે મુલાકાત કરી. એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે બેઠક દરમિયાન તેઓએ ડેટા સેન્ટરો, શિક્ષણ, આરોગ્ય અને નવીનીકરણીય ઉર્જામાં કૃત્રિમ બુદ્ધિમત્તા સંશોધનમાં રોકાણ અને AI ધોરણો બનાવવામાં સહયોગ અંગે ચર્ચા કરી હતી.

. . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

## BJP-AI SUMMIT

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીમાં ઇન્ડિયા-એઆઈ ઇમ્પેક્ટ સમિટના વિરોધ બદલ કોંગ્રેસ પાર્ટીની ટીકા કરી હતી. પત્રકારોને માહિતી આપતા શ્રી વૈષ્ણવે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી દરેક પગલા પર અવરોધો ઉભા કરવાનો પ્રયાસ કરી રહી છે. વિપક્ષ સમિટની સફળતાથી અસ્વસ્થ લાગે છે.

દરમિયાન ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ પાર્ટી ભારતના વિચારની વિરુદ્ધ છે. યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય સચિવ સહિત ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે. પાત્રાએ દાવો કર્યો હતો કે આ કૃત્ય દેશની છબી ખરાબ કરવાનો ઇરાદાપૂર્વકનો પ્રયાસ હતો.

(BYTE- SANDEEP PATRA)

. . . . . . . . . . . . . . . . . .

## GOYAL - EXPORT PROMOTION

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે આગામી 25 વર્ષોમાં દેશની સૌથી ઝડપથી વિકસતિ અર્થવ્યવસ્થાને જાળવી રાખવામાં નિકાસ મુખ્ય ભૂમિકા ભજવશે અને ભારત આ સંદર્ભમાં યોગ્ય માર્ગ પર છે.

તેમણે નવી દિલ્હીમાં નિકાસ પ્રમોશન મિશન હેઠળ સાત વધુ કાર્યક્રમો શરૂ કરતી વખતે આ નિવેદન આપ્યું હતું, જેનો હેતુ સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો ક્ષેત્રમાંથી નિકાસને મજબૂત બનાવવાનો છે. વિશ્વ સામાજિક ન્યાય દિવસ નિમિત્તે, શ્રી ગોયલે જણાવ્યું હતું કે સામાજિક

ન્યાય પ્રાપ્ત કરવા માટે સમાવિષ્ટ વિકાસ મહત્વપૂર્ણ છે. તેમણે સમાજના સૌથી વંચિત વર્ગોને સશક્ત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારતના વિસ્તરતા મુક્ત વેપાર કરારોએ વૈશ્વિક GDPના આશરે 70 ટકા સુધી પહોંચ પ્રદાન કરી છે.

શ્રી ગોયલે કહ્યું હતું કે ફેબ્રુઆરીના મધ્ય સુધીમાં વેપાર નિકાસ બે આંકડા સુધી પહોંચી ગઈ છે.

. . . . . . . . . . . . . . . . . .

## GUJARAT - ACCESS PASS EEZ

કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહે આજે વેરાવળમાં ભારતના એક્સક્લુઝિવ ઇકોનોમિક ઝોન (EEZ) માં માછીમારી માટે ઐતિહાસિક 'એક્સેસ પાસ' લોન્ચ કર્યો. કેન્દ્રીય રાજ્ય મંત્રીઓ, પ્રો. એસ. પી. સિંહ બઘેલ અને જ્યોર્જ કુરિયન પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

આ નવા માળખા હેઠળ, ભારતીય માછીમારો હવે સંપૂર્ણપણે ઓનલાઈન અને મફત પ્રક્રિયા દ્વારા ઊંડા સમુદ્રમાં માછીમારી માટે એક્સેસ પાસ મેળવી શકે છે. બે હજારથી વધુ લોકોના વિશાળ મેળાવડાને સંબોધતા, મંત્રીએ ભાર મૂક્યો કે આ ખેડૂત-કેન્દ્રિત સુધારો મજબૂત બ્લુ ઇકોનોમીના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ સાથે સુસંગત છે.

આ કાર્યક્રમ દરમિયાન, કેન્દ્રીય મંત્રીએ વિવિધ દરિયાકાંઠાના રાજ્યોના 24 મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓનું પ્રતિનિધિત્વ કરતા 37

માછીમારોને એક્સેસ પાસનું વિતરણ કર્યું. મંત્રીએ લાઇફ જેકેટ, હાઇ-બીમ ટોર્ચ અને GPS ઉપકરણો ધરાવતી ખાસ સલામતી કીટનું પણ વિતરણ કર્યું.

. . . . . . . . . . . . . . . . . .

## NITIN NAVIN GUJARAT

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને કહ્યું, ગુજરાત માત્ર દેશને જ નહીં, સમગ્ર વિશ્વને દિશા આપી રહ્યું છે. ગુજરાત રાજ્યના ત્રણ દિવસના પ્રવાસે આવેલા શ્રી નવીને આજે અમદાવાદ વિમાનીમથક નજીક કાર્યકર્તાઓ દ્વારા યોજાયેલા અભિવાદન સમારોહમાં આ વાત કહી. તેમણે ઉમેર્યું, ભાજપના કાર્યકર્તાઓની મહેનત અને સંઘર્ષથી આજે ગુજરાત, વિકસિત ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે.

(BYTE – NITIN NAVIN, National President )

----------

## GUJARAT - AI DATA CENTER MOU

ગુજરાત સરકારે ધોલેરા SIR માં એક વિશાળ AI ડેટા સેન્ટર બનાવવા માટે લાર્સન એન્ડ ટુબ્રો વ્યોમા સાથે એક સીમાચિહ્નરૂપ કરાર પર

હસ્તાક્ષર કર્યા છે. આજે નવી દિલ્હીમાં ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026 ખાતે રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાની હાજરીમાં આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

એક સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ, L&T વ્યોમા 250 મેગાવોટનું ગ્રીન ડેટા સેન્ટર બનાવવા માટે 25 હજાર કરોડનું રોકાણ કરશે, જે વર્ષ 2028 સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે.

આ પ્રોજેક્ટ બાંધકામ અને ટેકનોલોજીમાં ઘણી નવી નોકરીઓનું સર્જન કરશે, જે ગુજરાતને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રમાં અગ્રેસર બનવામાં મદદ કરશે.

. . . . . . . . . . . . . . . . .

## ICC T20

ICC T20 વિશ્વકપમાં, આજે શ્રીલંકાના પલ્લેકેલે ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ગ્રુપ B ના છેલ્લા મુકાબલામાં ઓસ્ટ્રેલિયા અને ઓમાન વચ્ચે મેચ ચાલી રહી છે. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું.

છેલ્લા મળતાં અહેવાલ પ્રમાણે ઓમાને 8 ઓવરમાં 4 વિકેટે 61 રન કર્યા છે.

. . . . . . . . . . . . . . . . .